ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા–૦૪/૧૮–૧૯/ 3080 - 2 તા 01/05/19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
અલ્પેશ જેન્તીભાઈ ભંડેરી,
– આરતી –જૂની સર્વોદય સોસાયટી–૧,
કોઠારીયા મેઈન રોડ
રાજકોટ–૩૬૦૦૦૨
મો:૯૮૭૯૧ ૪૮૮૫૭, ૯૯૨૪૨૪૨૪૩૨

વિષય :–લાગુ ન પડતી રકમ વસુલવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૫/ક્વા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

2A

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા–૦૪/૧૮–૧૯/** 3080-2 **તા.** 01-05-19

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૫/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: અલ્પેશ જેન્તીભાઈ ભંડેરી ગામ: કોઠારીયા

રજૂઆત કરનાર: અરજદાર અલ્પેશ જેન્તીભાઈ ભંડેરી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

રજૂઆત કરનાર: (૧) એસ.જી.સોજીત્રા – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

(૨) ડી.ડી.શીગરખીયા – નાયબ ઈજનેર– વાવડી રોડ– પેટા વિભાગીય કચેરી – રાજકોટ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: ૧૬–૦૪–૨૦૧૯

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર અલ્પેશ જેન્તીભાઈ ભંડેરી, ગામ:કોઠારીયા તેઓની અરજી ના નોંધણી નંબર :૩૫/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ કોઠારીયા ગામે સર્વે નંબર: ૩૪/૧ પ્લોટ નં.–૨ માં ૨૫ કીવો ના નવા વીજજોડાણ ની માંગણી કરેલ છે. જે અન્વયે – વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ દ્વારા જણાવેલ કે ૧૮ વર્ષ પહેલા ગોકળભાઈ ઠાકરશીભાઈ નુ બીલ બાકી છે, જે કારણોસર વીજજોડાણ અટકાવેલ છે. બાકી રકમ જે વીજજોડાણ ની છે, તે જગ્યા બીજા રહેણાંક વિસ્તાર ની છે, જેની વસુલાત અમો અરજદાર પાસેથી કરવામા આવે છે. જે અન્યાયી બાબત હોય તેમજ પીજીવીસીએલ કંપની ના નિયમાધીન – એક જગ્યા પર કોઈ લેણુ બાકી હોય તો – ૦૩ વર્ષ પછી તે લેણુ બીજા પાર્ટી પાસે માંગી શકાય નહી. તેમ છતા – સદર રકમ વસુલ કરવા ફરજ પાડવામા આવે છે. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** વાવડી અર્બન સબ ડીવીઝન હેઠળ નવું ઔધોગીક વીજ જોડાણ માટે અરજદાર અલ્પેશભાઈ જેન્તીભાઈ ભંડેરી દ્વારા લાગુ ન પડતી રકમ વસુલવા બાબત આપની સમક્ષ ફરિયાદ કરેલ છે.

૩.૧ અરજદાર અલ્પેશભાઈ ભંડેરી દ્વારા નવા વીજ જોડાણ માટે નિયમાનુસાર દસ્તાવેજી પુરાવા સાથે A-1 વાવડી અર્બન સબ ડીવીઝન માં તા.૧૭.૦૧.૨૦૧૯ ના રોજ રજુ કરેલ હતું જે અન્વયે દસ્તાવેજી પેપર્સ ની વાવડી અર્બન સબડીવીઝન દ્વારા ચકાસણી કરતા ઉતરોતર દસ્તાવેજ માં અન્ય જુના ગ્રાહક ગોકળ ઠાકરશી-ગ્રાહક નંબર-૩૪૫૧૪૦૦૨૦૭૦ રહેણાંક કેટેગરી માં લીટીગેશન એરીયર્સ ૧૪૧૭૫.૯૪ બાકી લેણા નીકળેલ છે જે બાબતે અરજદાર ને તાત્કાલીક રૂબરૂમાં સદર રકમ અંગે વાવડી અર્બન સબડીવીઝન દ્વારા જાણ કરેલ હતી.

૩.૨ ઉપરોક્ત બાબતે ગ્રાહક દ્વારા રૂબરૂ માં વાવડી અર્બન સબ ડીવીઝન માં સંપર્ક કરી સદર બાકી રકમ ભરવાની તૈયારી દર્શાવેલ હતી જે મુજબ બાકી રકમ +ચડત વ્યાજ અને C.S.NO.552/98 માં લીગલ ખર્ચ સહીત રૂ.૩૫૫૩૦.00 ભરપાઈ કરવા જણાવેલ જે રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ થયેલ નથી ત્યાર ગ્રાહકનો રૂબરૂ સંપર્ક કરતા તેઓ દ્વારા સ્પષ્ટ જણાવેલ કે તેઓનો વેપાર ધંધો અન્ય જગ્યા એ શિફ્ટ કરેલ હોવાથી હવે સદર જગ્યા એટલેકે પ્લોટ નં-૨, સર્વે નં-૨૪/૧ માં હાલ પુરતું નવું કનેક્શન ની જરુરિયાત નથી અને તેઓની અરજી રદ કરવા જણાવેલ હતું. આમ સદર ગ્રાહક ને કોઈ ફરિયાદ ન રહેતા - ગ્રાહક દ્વારા સમાધાન પુરશીસ તા.૧૫-૦૪-૧૯ થી ભરી આપેલ છે.

# :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય – અરજદાર ને સદર બાબતે કોઈ ફરીયાદ ન રહેતા – અરજદાર દ્વારા તા.૧૫–૦૪–૧૯ થી લેખીત સમાધાનપત્ર ભરપાઈ કરી રજુ કરેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot